


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : 33 * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ અગિયારસ, સોમવાર ૨૭ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦

## 15 મનપા, 84 પાલિકા, 34 જિલ્લા અને 260 તાલુકા પંચાયતના મતદાનમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક બહિષ્કાર

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનું મતદાન સંપન્ન

**શહેરી** વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ દેખાયો

**રાજ્યની** 15 મનપામાં સરેરાશ 48.55 ટકા મતદાન નોંધાયું, કાળઝાળ ગરમીની અસર

**260** તાલુકા પંચાયતમાં સરેરાશ 61.34 ટકા, 34 જિલ્લા પંચાયતમાં 60.68 ટકા

**84** નગરપાલિકામાં 58.15 ટકા મતદાન, 25,532 ઉમેદવારોનું ભાવિ સીલ થયું





**ગાંધીનગરઃ** ગુજરાતમાં આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયત માટે મતદાન પ્રક્રિયા સંપન્ન થઈ છે. ૪૪ ડિગ્રી સુધી પહોંચેલા આકરા તાપમાન અને કેટલીક હિંસક ઘટનાઓ વચ્ચે લોકશાહીના આ પર્વમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. શહેરી વિસ્તારોની સરખામણીએ ગ્રામીણ મતદારોમાં વધુ ઉત્સાહ દેખાયો છે. સાંજે ૬ વાગ્યા સુધીના સત્તાવાર આંકડા મુજબ, રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં સરેરાશ ૪૮.૫૫ ટકા જેટલું મધ્યમ મતદાન નોંધાયું છે. આ મનપાઓમાં વાપી ૬૫.૬૮ ટકા સાથે મોખરે રહ્યું છે, જ્યારે ગાંધીધામમાં સૌથી ઓછું ૩૯.૮૫ ટકા મતદાન થયું છે. અમદાવાદ (૪૫.૩૫%) અને રાજકોટ (૪૫.૨૧%) જેવા મોટા શહેરોમાં અપેક્ષા કરતા ઓછું મતદાન નોંધાયું છે, જ્યારે સુરત (૫૨.૮૩%) અને જામનગરે (૫૦.૦૨%) અડધી સદી વટાવી છે.

બીજી તરફ, લોકશાહીના આ પર્વમાં ગ્રામીણ પ્રદેશમાં મતદાનમાં ભારે જોશ જોવા મળ્યો છે; રાજ્યની ૨૬૦ તાલુકા પંચાયતમાં સરેરાશ ૬૧.૩૪ ટકા, ૩૪ જિલ્લા પંચાયતમાં ૬૦.૬૮ ટકા અને ૮૪ નગરપાલિકામાં ૫૮.૧૫ ટકા મતદાન થયું છે. પંચાયતોના જંગમાં જનતાએ વધુ સક્રિયતા દાખવી હોવાનું સ્પષ્ટપણે આ આંકડાઓ પરથી દેખાઈ આવે છે. હવે આ તમામ બેઠકો પરના 25,532 ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થયું છે, જેની ગણતરી આગામી ૨૮ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. કાળઝાળ ગરમીના કારણે બપોર બાદ મતદાનની ગતિ ધીમી પડી હતી, તેમ છતાં કેટલીક જગ્યાએ મતદારોમાં ઉત્સાહ પણ જોવા મળ્યો હતો.

...અનુસંધાન પાના 2 પર

### મહાનુભાવોનું મતદાન અને પ્રતિક્રિયા

**આનંદીબેન પટેલઃ** ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે શીલજ ખાતે મતદાન કરી જણાવ્યું કે, મતદાન ન કરવું એ અપરાધ છે.

**જગદીશ ઠાકોરઃ** કોંગ્રેસ નેતાએ ભાજપ પર પોલીસની મદદથી ઉમેદવારોને ડરાવવાનો આક્ષેપ કર્યો હતો.

**અંજલીબેન રૂપાણીઃ** પૂર્વ સીએમ વિજય રૂપાણીના નિધન બાદ પ્રથમ વખત એકલા મતદાન કરવા પહોંચેલા અંજલીબેન ભાવુક થયા હતા.



### તાપમાનનો પારો અને મતદાન પર અસર

રાજ્યમાં ૪૧ થી ૪૪ ડિગ્રીની હીટવેવની અસર મતદાન પર સ્પષ્ટ જોવા મળી હતી. બપોરના સમયે અનેક વિસ્તારોમાં સન્નાટો જોવા મળ્યો હતો. જોકે, અમદાવાદ જેવા શહેરોમાં મુસ્લિમ બહુલ વિસ્તારોમાં કાળઝાળ ગરમીમાં પણ લાંબી કતારો જોવા મળી હતી, જ્યારે પોશ વિસ્તારોમાં નીરસતા રહી હતી. ગરમીથી બચવા માટે ચૂંટણી પંચ અને સંસ્થાઓ દ્વારા છાશ અને ORSનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### કેટલાક વિસ્તારોમાં ભારે ઉત્સાહ, કેટલાકમાં સન્નાટો

અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના કેટલાક વિસ્તારોમાં વહેલી સવારથી મતદારોની લાંબી કતારો જોવા મળી. ખાસ કરીને મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ભારે ઉત્સાહ નોંધાયો. બીજી તરફ, ગરમી અને રવિવારની રજાના કારણે ઘણા વિસ્તારોમાં મતદાન મથકો સૂમસામ રહ્યા.

### અનેક ગામોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો

મહુવા: ઉમણીયાવદર સહિત ૨૦ ગામોએ નેશનલ હાઈવે પર 'કટ' ન મળવા બદલ મતદાનનો ત્યાગ કર્યો હતો. ધ્રોલ, ડેડીયાપાડા, ખેડા અને ડાંગના કેટલાક ગામોમાં પણ સુવિધાઓના અભાવે 'રોડ નહીં તો વોટ નહીં' ના બેનરો સાથે બહિષ્કાર જોવા મળ્યો હતો.

### ગેરરીતિના આક્ષેપો અને હિંસક અથડામણ

**અમદાવાદઃ** કુબેરનગર વોર્ડમાં ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે બોગસ વોટિંગ મુદ્દે મારામારી થઈ હતી, ત્યારબાદ પેરા મિલિટરી ફોર્સ તૈનાત કરવી પડી હતી.

**અમરેલીઃ** આંકડીયા બેઠક પર ભાજપ અને AAPના કાર્યકરો વચ્ચે બોગસ એજન્ટ મામલે 'ટપલીદાવ' અને બોલાચાલી થઈ હતી.

**કેશોદઃ** EVMમાં ખામીને કારણે કોંગ્રેસના ઉમેદવાર અમીન મહિડાએ બટન ન દબાતું હોવાનો આક્ષેપ કરી ધરણા કર્યા હતા.

### ફરજ દરમિયાન અને મતદાન સમયે મોત

**જામનગરઃ** વોર્ડ નં. 3 ના AAP ઉમેદવાર નરેન્દ્રસિંહ જાડેજાનું હાર્ટ એટેકથી નિધન થયું.

**પાટણઃ** ૬૫ વર્ષીય વૃદ્ધા કમળાબેન સોલંકીનું મતદાન કેન્દ્ર પર મોત થયું.

**પેટલાદઃ** બૂથ પર ફરજ બજાવતા પટાવાળા અમિત સોલંકીનું ચાલુ ફરજે અવસાન થયું.

### ટેકનિકલ ખામીઓ

અમદાવાદમાં સવારના સમયે ૨૯ જેટલા EVM મશીનો બદલવામાં આવ્યા હતા. વસ્ત્રાલમાં સૌથી વધુ મશીનોમાં ખામી નોંધાઈ હતી. પંચમહાલના ગોધરામાં એક મતદાન મથકમાં આગ લાગતા અફરાતફરી મચી હતી, જોકે EVM મશીનો સુરક્ષિત રીતે ખસેડી લેવાયા હતા.હવે સૌની નજર ૨૮ એપ્રિલે આવનારા પરિણામો પર ટકી છે.

## તેલંગાણામાં કોચમાંથી ધુમાડો નીકળતા ચારમિનાર એક્સપ્રેસ અટકાવાઈ

**હૈદરાબાદ, તા. 26 (PTI):** તેલંગાણાના યાદાદ્રી ભુવનગીરી જિલ્લાના એક રેલવે સ્ટેશન પર ચારમિનાર એક્સપ્રેસના એક કોચના વ્હીલમાંથી ધુમાડો અને તણખા નીકળતા ટ્રેનને રોકવાની ફરજ પડી હતી. તેમ દક્ષિણ મધ્ય રેલવે (એસસીઆર)ના અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. 25 એપ્રિલના રોજ બ્રેક બાઈન્ડિંગને કારણે બનેલી આ ઘટનામાં કોઈ નુકસાન કે જાનહાનિ થઈ નથી, તેમ અધિકારીએ જણાવ્યું હતું. રવિવારે એક્સ પર એક પોસ્ટમાં દક્ષિણ મધ્ય રેલવે (એસસીઆર)એ જણાવ્યું હતું કેઃ "ટ્રેન નંબર 12760 હૈદરાબાદ - તાંબરમ ચારમિનાર એક્સપ્રેસ જે ગઈકાલે એટલે કે 25 એપ્રિલ,

...અનુસંધાન પાના 2 પર

## આજે ભારત, ન્યૂઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર થશે

**દિલ્હીમાં** ભારત મંડપમ ખાતે વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ અને ન્યૂઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેક્લેની હાજરીમાં હસ્તાક્ષર થશે

**દ્વિપક્ષીય** વેપાર બમણો કરવાનું લક્ષ્ય

**નવી દિલ્હી, 26 (PTI):** ગયા વર્ષે ૨૨ ડિસેમ્બરે વાટાઘાટો પૂર્ણ થયાની જાહેરાત કર્યાના ચાર મહિનાથી વધુ સમય બાદ, ભારત અને ન્યુઝીલેન્ડ ૨૭ એપ્રિલે તેમના મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કરવા માટે તૈયાર છે, જેનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો છે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ કરાર પર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલેની હાજરીમાં અહીં ભારત મંડપમ ખાતે હસ્તાક્ષર કરવામાં આવશે. આ કરાર ભારતીય કંપનીઓને ન્યુઝીલેન્ડના બજારોમાં ડ્યુટી-ફ્રી (કરમુક્ત) પ્રવેશ આપશે અને આગામી ૧૫ વર્ષમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ લાવશે.

ન્યુઝીલેન્ડે મેન્યુફેક્ચરિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેવાઓ, ઈનોવેશન અને રોજગાર સર્જનમાં ૧૫ વર્ષમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ કરારનો ઉદ્દેશ્ય પાંચ વર્ષમાં દ્વિપક્ષીય વેપારને વધારીને ૫ અબજ ડોલર કરવાનો છે. ન્યુઝીલેન્ડ ઉન, કોલસો, લાકડું, વાઈન, એવોકાડો અને બ્લુબેરી જેવી તેની ૯૫ ટકા નિકાસ પર ટેરિફ નાબૂદ કરશે અથવા ઘટાડશે. ભારત કીવી અને સફરજનની નિકાસ માટે ક્વોટા-આધારિત ટેરિફમાં ઘટાડો કરશે. ભારતીય ખેડૂતો અને સ્થાનિક ઉદ્યોગોને બચાવવા માટે, ભારતે ડેરી ઉત્પાદનો (દૂધ, ક્રીમ, દહીં, ચીઝ), ડુંગળી, ખાંડ, મસાલા, ખાદ્ય તેલ અને રબર જેવી સંવેદનશીલ ચીજવસ્તુઓ પર કોઈ ડ્યુટી કન્સેશન (કર રાહત) આપી નથી. ન્યુઝીલેન્ડ ભારતીય વ્યાવસાયિકોને વાર્ષિક ૫,૦૦૦ વિઝાનો ક્વોટા આપશે, જેમાં ત્રણ

...અનુસંધાન પાના 2 પર

## વ્હાઇટ હાઉસમાં ટ્રમ્પની હાજરીવાળા ભોજન સમારંભમાં ગોળીબાર







વ્હાઇટ હાઉસ કોરસપોન્ડન્ટ્સ ડિનર દરમિયાન ગોળીબારની ઘટના પછી પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની નજીક યુ.એસ. સિક્રેટ સર્વિસના એજન્ટો તૈનાત થયા અને ટ્રમ્પ તેમજ મેલેનિયાને ત્યાંથી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. આ દરમિયાન કાયદા અમલીકરણ એજન્સીના સભ્યોએ જવાબી કાર્યવાહી હાથ ધરી હતી અને કાયદા અમલીકરણ એજન્સીના સભ્યોએ શૂટિંગના શંકાસ્પદ કોલ ટોમસ એલન પર કાબૂ મેળવ્યો હતો.

**અમેરિકી** પ્રમુખના સત્તાવાર આવાસમાં પત્રકારો માટેનો વાર્ષિક રાત્રિ-ભોજન સમારંભ ચાલતો હતો ત્યારે ઘટના બની

**અંદર** ઘૂસી આવેલા બંદૂકબાજે ગોળીઓ છોડી, ગોળીબારમાં કોઇને ઇજા નહીં, હુમલાખોરને તત્કાળ પકડી લેવાયો

**પ્રમુખ** ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા, ઉપપ્રમુખ વાન્સ સહિતના મહાનુભાવોને સુરક્ષા કર્મીઓએ કવચ આપીને સલામત સ્થળે ખસેડ્યા, સંખ્યાબંધ મહેમાનો બચવા માટે ટેબલોની નીચે સંતાઇ ગયા

**વોશિંગ્ટન, તા. 26 (PTI):** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વ્હાઈટ હાઉસના અન્ય ટોચના અધિકારીઓને પ્રમુખના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસના સંવાદદાતાઓના વાર્ષિક રાત્રિ ભોજન સમારંભ દરમ્યાન હોટલના બોલરૂમની બહાર એક સશસ્ત્ર વ્યક્તિએ ગોળીબાર કરતા ત્યાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે લગભગ ૮:૩૪ વાગ્યે બની હતી જ્યારે રાત્રિભોજન પીરસવામાં આવી રહ્યું હતું. તે સમયે, ટ્રમ્પ વ્હાઈટ હાઉસ કરસ્પોન્ડન્ટ્સ એસોસિએશનના પ્રમુખ વેઈજિયા જિયાંગ અને મેન્ટલિસ્ટ ઓઝ પર્લમેન સાથે વાતચીત કરતા

...અનુસંધાન પાના 2 પર

### હુમલાખોર ટ્રમ્પ અને પ્રશાસનના ટોચના અધિકારીઓને નિશાન બનાવવા માગતો હતો?

**વોશિંગ્ટન.** વ્હાઇટ હાઉસ કોરેસ્પોન્ડન્ટ્સ એસોસિએશનના રાત્રિભોજન દરમિયાન બંદૂકો અને છરીઓ સાથે બોલરૂમમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર આરોપી બંદૂકધારીએ કાર્યક્રમ પહેલા દેશભરનો પ્રવાસ કર્યો હતો અને એવું માનવામાં આવે છે કે તે ટ્રમ્પ વહીવટીતંત્રના સભ્યોને નિશાન બનાવી રહ્યો હતો, તેમ કાર્યકારી એટર્ની જનરલ ટોડ બ્લેન્ચે રવિવારે જણાવ્યું હતું. બ્લેન્ચે એમ પણ જણાવ્યું હતું કે અધિકારીઓનું માનવું છે કે શંકાસ્પદ વ્યક્તિએ કેલિફોર્નિયાથી શિકાગો અને ત્યાંથી વોશિંગ્ટન સુધી ટ્રેન દ્વારા

...અનુસંધાન પાના 2 પર

### મોટા કામ કરનારાઓ પર જોખમ તો રહે જ છે : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

**વોશિંગ્ટન.** પોતાની હત્યાના કથિત પ્રયાસ અંગે બોલતા અમેરિકી પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે જેઓ મોટી અસર કરનારા કામો કરે છે તેમના પર જોખમ રહે છે અને લોકો તેમની પાછળ પડી જાય છે. તેમણે આ માટે ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યાનું ઉદાહરણ પણ ટાંક્યું હતું. શનિવારની આ ઘટનાની તેમના પર કેવી અસર પડી છે તેવા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, તેઓ એક જોખમી વ્યવસાયમાં છે પરંતુ તેઓ કોઈ નબળા માણસ નથી. ટ્રમ્પે કહ્યું, હું તેના વિશે વિચારવાનું પસંદ નથી કરતો. હું

...અનુસંધાન પાના 2 પર

## અમેરિકા-ઈરાન મંત્રણાની હાલ શક્યતા જણાતી નથી

**ઇરાનના** વિદેશ મંત્રી શનિવારે પાકિસ્તાનથી રવાના થઇ ગયા અને અમેરિકી ટીમની પાકિસ્તાન મુલાકાત રદ થઇ તે પછી કોઇ મોટી હિલચાલ થઇ નથી

**ઈસ્લામાબાદ, તા. 26 :** ઈરાનના ટોચના રાજદ્વારી પાકિસ્તાન છોડીને રવાના થયા, અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના દૂતોને ઈસ્લામાબાદ ન જવાની સૂચના આપતા તેઓ પ્રવાસથી દૂર રહેતા હાલ તો પાકિસ્તાનમાં આ મંત્રણા યોજાવાની શક્યતા જણાતી નથી. અમેરિકી રાષ્ટ્રપતિએ સંકેત આપ્યો હતો કે હવે દડો ઈરાનના કોર્ટમાં છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, જો તેઓ વાત કરવા માંગતા હોય, તો તેમણે માત્ર ફોન કરવાની જરૂર છે!!!

આ મંત્રણાઓ આ મહિનાની શરૂઆતમાં અમેરિકા જેનું નેતૃત્વ ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સ કરી રહ્યા હતા અને ઈરાન જેનું નેતૃત્વ સંસદ

...અનુસંધાન પાના 2 પર

તા. ૨૬-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૪૩.૦° સે. | ૨૪.૮° સે. | ૧૯% |

## સખત ગરમીનો પ્રતાપઃ નવા નવા વિક્રમ રચી રહેલી વીજળીની માગ

**શનિવારે** પીક પાવર માગ ૨૫૬.૧૧ ગીગાવોટની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી

**શુક્રવારનો** ૨૫૨.૦૭ ગીગાવોટનો વિક્રમ એક જ દિવસમાં તૂટી ગયો

**નવી દિલ્હી, તા. 26 (PTI):** ભારતની વીજળીની મહત્તમ માંગ શનિવારે ૨૫૬.૧૧ ગીગાવોટની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. તીવ્ર બની રહેલા હીટવેવને કારણે એર કંડિશનર અને ડેઝર્ટ કુલર જેવા ઠંડક આપતા સાધનોનો વપરાશ વધતા આ ઉછાળો આવ્યો હોવાનું વીજ મંત્રાલયના તાજેતરના ડેટા જણાવે છે.

શનિવારની આ માંગએ શુક્રવાર, ૨૪ એપ્રિલના રોજ ૧૫:૪૮ કલાકે નોંધાયેલા ૨૫૨.૦૭ ગીગાવોટના અગાઉના વિક્રમને તોડી નાખ્યો છે. પાવર મંત્રાલયના ડેટા અનુસાર, શનિવારે બપોરે ૧૫:૩૮ કલાકે વીજળીની માંગ ૨૫૬.૧૧ ગીગાવોટની નવી ઊંચાઈએ પહોંચી હતી અને તે માંગને સંપૂર્ણપણે પહોંચી વળવામાં આવ્યું હતું. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, જેમ જેમ પારો વધી રહ્યો છે તેમ તેમ વીજળીની માંગ આ ઉનાળાની સીઝન માટે

...અનુસંધાન પાના 2 પર